***C.C.NO.8774/2024***

**-:: આંક -૧ નીચે હુકમ ::-**

(૧) કેસનુ રેકર્ડ ધ્યાને લેવામાં આવેલ છે. આ કામે આરોપી વિરુધ્ધ **ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ-૬૬(૧)(બી)** મુજબના ગુન્હાનો આરોપ છે. વધુમાં આ કામે પ્રોસેસ કરવા છતા તે આરોપી ને બજે કે વગર બજે પરત થયેલ નથી તેમજ પ્રોસેસ કાઢવા છતાં અને પુરતી તક આપવા છતાં પોલીસ પ્રોસેસની અસરકારક બજવણી કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચાલી શકતી નથી. કોર્ટની પ્રોસેસો ઉપર ફરીયાદપક્ષે, પોલીસે પ્રોસેસની બજવણી માટે કોઈ અસરકારક પગલા લીધેલ નથી અને નિષ્કાળજી દાખવેલ છે. હાલનો કેસ સમરી/સમન્સ ટ્રાયલ સ્વરૂપનો કેસ છે તેમજ પોલીસ ફરીયાદ પરથી દાખલ થયેલ છે, વધુમાં ફરિયાદપક્ષ તરફથી તપાસ કરનાર અમલદારે ચાર્જશીટ દાખલ કર્યા બાદ અત્રેની કોર્ટમાં હાજર રહી કોઈ કાર્યવાહી કરેલાનું જણાઈ આવતું નથી. આમ, પોલીસ આરોપીને હાજર રાખવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે અને ન્યાયની પ્રક્રિયામાં વિલંબ થાય છે. સંજોગો જોતાં આ કેસ પેન્ડીંગ રાખવામાં કોર્ટનો અને રાજયના અધિકારીઓનો કીંમતી સમય બગડે છે. આ સબંધે નામ.ગુજરાત હાઈકોર્ટનો પત્ર નંબર જીએસએલએસએ/૧૨૧/૨૦૧૭ તા:૧૨-૦૧-૧૭ તથા પત્ર નંબર જીએસએલએસએ/૩૧૭/૨૦૧૭ તા:૧-૦૨-૧૭ તથા જીએસએલએસએ/૩૭૫/૨૦૧૭ તા.૪/૨/૧૭ વંચાણે લીધા. વધુમાં આ કામે ઉપરોકત હકીકતો સંદર્ભે નીચે મુજબના ચુકાદા ધ્યાને લીધા.

(૧) નામદાર સુપ્રીમ કોર્ટના એ.આઈ.આર., ૧૯૯૬,
પાન નં. ૧૬૧૯, પેરા-૨, ઈ.એફ. "કોમન કોઝ વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા"

(૨) ૧૯૯૭ (૩)જી.એલ.આર.-૧૯૪૬
સ્ટેટ ઓફ ગુજરાત વિ. ગોરધનભાઈ ચંદુભાઈ પટેલ

(૩) ૨૦૦૨(૨) જી.એલ.આર.૧૫૪૯
પી.આર.રાવ વિ. સ્ટેટ ઓફ કર્ણાટક

(૨) વધુમાં આ કામે સી.આર.પી.સી.ની કલમ-૨૫૮ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

***258. Power to stop proceedings in certain cases. -*** *In any summons case instituted otherwise than upon complaint, a Magistrate of the first class or, with the previous sanction of the Chief Judicial Magistrate, any other Judicial Magistrate, may, for reasons to be recorded by him, stop the proceedings at any stage without pronouncing any judgment and where such stoppage of*

*proceedings is made after the evidence of the principal witnesses has been recorded, pronounce a judgment of acquittal, and in any other case, release the accused, and such release shall have the effect of discharge.*

(૩) આમ, ઉપરોકત પત્ર અને ચુકાદાઓમાં ઠરાવેલા સિધ્ધાંતો અને સદર કલમમાં આપેલ આદેશો ધ્યાને રાખી ક્રી.પો.કો.ક.૨૫૮ અન્વયે આ કેસનું આગળનું પ્રોસીડીગ્સ સ્ટોપ કરી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**- :: હુ ક મ:: -**

- ક્રી.પ્રો.કોડ ની કલમ- ૨૫૮ અન્વયે સદર કેસનું આગળનું પ્રોસીડીગ્સ સ્ટોપ કરી આરોપીને **ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી)** મુજબના ગુન્હામાંથી બિન તહોમત છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

- જો હાલના આરોપી નજીકના ભવિષ્યમા મળી આવે તો તેમની સામે ક્રી.પ્રો.કોડ ની કલમ-૩૦૦(૫) ની જોગવાઈ મુજબ આ કોર્ટની ટ્રાયલ ચલાવવાની પરવાનગી છે, તેમ ગણી કાર્યવાહી જે તે તબકકે થી આગળ ચાલશે.

હુકમ આજ તારીખ ૧૪ મી, માહે- સપ્ટેમ્બર, સને ૨૦૨૪ ના રોજ યોજાયેલ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૪/૦૯/૨૦૨૪.
સ્થળ: વડોદરા

**(આશિષ કે. શાહ)**
છઠ્ઠા એડીશનલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ્રસ્ટ ક્લાસ
વડોદરા
જજ કોડ નં. જીજે ૦૧૬૩૨